પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૪૪ | ૧૪ નવેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; કારતક વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### જમ્મુ-કાશ્મીરમાં પથ્થરમારાની ઘટનાઓમાં ૯૦ ટકાનો ઘટાડો

જમ્મુ-કાશ્મીરના ડીજીપી એસ.પી. વૈદ્યે કહ્યું છે કે આ વર્ષે પથ્થરમારાની ઘટનાઓમાં ૯૦ ટકા જેટલો ઘટાડો આવ્યો છે. ગયા વર્ષે દરરોજ પથ્થરમારાની ૪૦ થી ૫૦ ઘટનાઓ થતી હતી, હવે તે ઘટી છે.

### આર્મીએ 'તેજસ' અને 'અર્જુન'ને સામેલ કરવાનો ઈન્કાર કર્યો

ભારતીય સૈન્યએ સરકારના 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટને જોરદાર ઝટકો આપ્યો છે. આર્મ્ડ ફોર્સિસે દેશમાં બનેલ લાઈટ કોમ્બેટ વિમાન 'તેજસ' અને યુદ્ધ ટેન્ક 'અર્જુન'ને સેનામાં સામેલ કરવાનો ઈન્કાર કર્યો છે.

### સ્વાઈન ફ્લુ કેસોની સંખ્યામાં ૨૦ ગણો વધારો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા સ્વાઈન ફ્લુના કેસોને લઈને ચોંકાવનારા આંકડા જારી કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૭માં સ્વાઈન ફ્લુના કેસોમાં ૨૦ ગણો વધારો નોંધાયો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૦થી ઓક્ટોબર ૨૦૧૭ વચ્ચેના ગાળામાં સ્વાઈન ફ્લુના કારણે ૮૫૪૩ લોકોના મોત થઈ ચુક્યા છે.

# ઈરાન-ઈરાક સરહદે પ્રચંડ ભૂકંપ

**૩૪૦થી વધુ મોત : ૭.૩ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપથી ભારે દહેશત : ઇરાન-ઇરાકમાં અનેક ઇમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી : મોત આંકડો વધવાનો ભય : ઇજાગ્રસ્તોની સંખ્યા ૨૬૦૦ : બચાવ-રાહત કામગીરી જારી**



તહેરાન,તા. ૧૩

ઈરાક-ઈરાન સરહદ પર આવેલા વિનાશકારી ભૂકંપમાં મોતનો આંકડો વધીને હવે ૩૪૦ ઉપર પહોંચી ગયો છે. મોતનો આંકડો અતિઝડપથી વધી રહ્યો છે. ઈજાગ્રસ્તોની સંખ્યા ૨૫૩૦ સુધી પહોંચી ગઈ છે. મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. કારણ કે અનેક ઘાયલ થયેલા લોકોન હાલત ગંભીર દર્શાવવામાં આવી રહી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અનેક ઈમારતો પ્રચંડ ભૂકંપના કારણે પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ છે. ટ્વિટ કરવામાં આવેલા પોસ્ટમાં ભયભીત થયેલા લોકો ઉત્તરીય ઈરાકમાં સુલેમાનિયા સ્થિત ઈમારતોથી બહાર ભાગતા નજરે પડી રહ્યા છે. લોકોમાં વ્યાપક દહેશત દેખાઈ રહી છે. બીજી બાજુ નજીકના દરબંદીખાનમાં પણ અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. ભૂકંપની સ્થિતિ પર નજર રાખી રહેલા ઈરાન સરકારના અધિકારીઓએ કહ્યું છે કે, મોટ સંખ્યામાં લોકોના મોત થયા છે. ઈરાન અને ઈરાક બંનેમાં સેંકડો લોકોના મોત થયા છે. ઈરાકમાં ભૂકંપના આંચકા બગદાદમાં પણ અનુભવાયા હોવાનું જાણવા મળ્યું છે. ઈરાનના કરમાનશાહ પ્રાંતના ડેપ્યુટી ગવર્નરે કહ્યું છે કે, રાહત છાવણીઓ ઉભી કરવામાં આવી ચુક છે. ભૂકંપ હલબજાથી ૩૦ કિલોમીટરના અંતરે દક્ષિણ પશ્ચિમમાં ગઈકાલે રાત્રે ૯.૨૦ વાગે અનુભવાયો હતો. ઈરાકના સુલેમાનિયા પ્રાંતમાં પણ મોટી સંખ્યામાં લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ મળ્યા છે. જે વિસ્તારમાં ભૂકંપનો આંચકો આજે અનુભવાયો છેતે આરબ અને

● અનુસંધાન પાન-૫ પર

## શેમ્પુ, ચોકલેટ સહિત અનેક ચીજવસ્તુઓની કિંમત ઘટશે

**આગામી સપ્તાહથી કિંમતો ૫-૧૫ ટકા સુધી ઘટશે**

નવી દિલ્હી,તા. ૧૩

જીએસટી કાઉન્સિલની બેઠકમાં ટેક્સ રેટમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ સામાન્ય અને મધ્યમ વર્ગના લોકોને મોટી રાહત મળનાર છે. મોટા ાગની એફએમસીજીની કંપનઓ તેમની પ્રોડક્સની કિંમતો હવે ઘટાડનાર છે. સામાન્ય લોકોના જીવનમાં દરરોજ ઉપયોગમાં આવતી ચીજવસ્તુઓની કિંમતમાં આગામી સપ્તાહથી ઘટાડો થવાની શરૂઆત થશે. આ ઘટાડો પાંચ ટકાથી ૧૫ ટકાની આસપાસ રહી શકે છે. શુક્રવારના દિવસે અથવા તો ૧૦મી નવેમ્બરના દિવસે જીએસટી કાઉન્સિલની

# જીએસટીમાં હજુ ફેરફારની તૈયારી

**હવે ૫ -૧૨ ટકાના સ્લેબમાં પણ ફેરફારો થઇ શકે : ઓછા રેટવાળા સ્લેબમાં પણ ધરખમ ફેરફાર કરવાની તૈયારી : રેટ્સના સ્લેબને બે અથવા તો ત્રણ સ્લેબ સુધી મર્યાદિત કરવામાં આવી શકે ફિડબેક આધારે કાયદા, નિયમો અને પ્રક્રિયાને સરળ કરવા પર ધ્યાન અપાશે**

નવી દિલ્હી,તા. ૧૩

જીએસટીમાં ફેરફારના આગામી તબક્કામાં હવે ઓચા રેટના સ્લેબ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે. હવે પાંચ અને ૧૨ ટકાના સ્લેબમાં ફેરફાર કરવા માટેની તૈયારી કરવામાં આવી છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે જીએસટીમાં રેટ્સના સ્લેબને બે અથવા તો ત્રણ સુધી મર્યાદિત કરવામાં આવી શકે છે. જીએસટી વ્યવસ્થામાં કેટલાક અંશે સ્થિરતા આવી ગયા બાદ કેટલીક નવ હિલચાલ હાથ ધરવામાં આવનાર છે. ગયા સપ્તાહમાં કરવામાં આવેલા ફેરફારથી મહેસુલની સ્થિતી વધારે સ્પષ્ટ થયા પછી જ આગામી ફેરફાર કરવામાં આવનાર છે. ઈન્ડસ્ટ્રીઝ પાસેથી મળેલા ફિડબેકના આધાર પર કાયદાકીય બાબતો, નિયમો અને પ્રક્રિયાને વધારે સરળ બનાવી શકાશે. આ તમામ બાબતોને જીએસટી કાઉન્સિલની આગામી બેઠકોમાં સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવનાર છે. સિમેન્ટ અને પેન્ટ જેવી કેટલીક વસ્તુઓપર રેટ હજુ પણ ૨૮ ટકાના ટેક્સ સ્લેબમાં છે. જો ટેક્સ રેવેન્યુ જોરદાર રહેશે. તો આવી કેટલીક વસ્તુઓને પણૅ નીચલા સ્લેબમાં લાવવામાં આવી શકે છે. એક રાજ્ય સરકારના ટોપ અધિકારીએ માહિતી આપતા કહ્યુ હતુ કે હવે ધ્યાન ૧૨ ટકા અને પાંચ ટકાના રેટ સ્લેબ પર રહેશે.

● અનુસંધાન પાન-૫ પર

# આજથી ગુજરાતમાં ચૂંટણી પ્રક્રિયા આરંભાશે

**આજે ગુજરાત વિધાનસભા પ્રથમ તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું જારી : ગુજરાતમાં પ્રથમ તબક્કામાં કુલ ૮૯ બેઠક ઉપર મતદાન થશે : આવતીકાલથી ૨૧મી સુધી ઉમેદવારીપત્ર ભરાશે**

**પ્રથમ તબક્કાનો કાર્યક્રમ...**

- પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લામાં ૮૯ સીટ પર મતદાન
- પ્રથમ તબક્કામાં ૨.૧ કરોડ મતદારો મતદાન કરશે
- ૧૪મી નવેમ્બરે જાહેરનામુ જારી કરાશે
- ૨૧મી નવેમ્બર સુધી ઉમેદવારી પત્ર ભરી શકાશે.
- ૨૨મી નવેમ્બરે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે
- ૯મી ડિસેમ્બરે પ્રથમ તબક્કામાં મતતદાન થશે

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને પ્રથમ તબક્કા માટે જાહેરનામું આવતીકાલે બહાર પાડવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો માટે ચૂંટણી યોજાશે. રાજયમાં આગામી માસમાં ૯ તેમજ ૧૪ ડીસેમ્બર એમ બે તબકકામા વિધાનસભાની સામાન્ય ચુંટણી માટે મતદાનની પ્રકીયા હાથ ધરવામા આવનાર છે એ અગાઉ પ્રથમ તબકકામાં જે ૮૯ જેટલી બેઠકો માટે મતદાન ૯ ડીસેમ્બરના રોજ હાથ ધરવામા આવશે આ બેઠકો માટે આવતીકાલે મંગળવારના રોજ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવશે.રાજય ચુંટણી પંચ દ્વારા આવતીકાલે મંગળવારે જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવ્યા બાદ ૧૪ થી ૨૧ નવેમ્બર દરમિયાન ઉમેદવારી પત્ર ભરી શકાશે.જયારે ૨૨ નવેમ્બરના રોજ ઉમેદવારી પત્રની ચકાસણી કરવામા આવશે.

● અનુસંધાન પાન-૫ પર

# આંધ્રપ્રદેશમાં કૃષ્ણા નદીમાં નૌકા દુર્ઘટનામાં મૃત્યુઆંક ૧૯

**પીડિત પરિવારોને પાંચ-પાંચ લાખની સહાયતા : નૌકામાં ક્ષમતા કરતા વધુ લોકો મુસાફરી કરી રહ્યા હતા**

વિજયવાડા, તા. ૧૩

આંધ્રપ્રદેશમાં કૃષ્ણ નદી દુર્ઘટનામાં મોતનો આંકડો વધીને ૧૯ ઉપર પહોંચી ગયો છે. હજુ પણ



અનેક લોકો લાપત્તા છે. ૧૯ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. રાજ્ય સરકારે પીડિત પરિવારોને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દુખની લાગણી વ્યક્ત કરી છે. આશિયાન શિખર બેઠકમાં ભાગ લેવા માટે પહોંચેલા મોદીએ ટ્વિટ કરીને પોતાની સંવેદના વ્યક્ત કરી છે. વડાપ્રધાન તરફથી કરવામાં આવેલા ટ્વિટ મુજબ કૃષ્ણા નદીમાં નૌકા ઉંધી વળી જતાં આ દુર્ઘટના ઘટી છે. તેમણે કહ્યું છે કે, લોકોના પરિવાર પ્રત્યે તેમની સહાનુભૂતિ રહેલી છે. આંધ્રપ્રદેશ સરકાર અને એનડીઆરએફની ટુકડી પણ બચાવ અને રાહત કામગીરીમાં જોડાયેલી છે. ક્ષમતાથી વધારે લોકો નૌકાના હોવાના કારણે આ દુર્ઘટના બની હતી. ૩૮ લોકોને લઈને જઈ રહેલી નૌકા વિજયવાડા નજીક કૃષ્ણા નદીમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી જેમાં ૧૯ પ્રવાસીઓના મોત થયા હતા. અનેક લોકો હજુ પણ લાપત્તા છે.

## પ્રદૂષણના પગલે દિલ્હીમાં ઈમરજન્સી જેવી સ્થિતિ

નવીદિલ્હી, તા. ૧૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને આસપાસના વિસ્તારમાં વાયુ પ્રદૂષણના સ્તરને લઈને ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. સુપ્રીમ કોર્ટે આની ગંભીર નોંધ લીધી છે. સુપ્રીમનું કહેવું છે કે, દિલ્હીમાં ઈમરજન્સી જેવી સ્થિતિ ઉભી થઈ ગઈ છે.

કોર્ટે કેન્દ્ર સરકારની સાથે સાથે ઉત્તર પ્રદેશ, પંજાબ, દિલ્હી અને હરિયાણા સરકારને નોટિસ જારી કરીને જવાબની માંગ કરી છે. એટલું જ નહીં કોર્ટે સરકારોને પ્રદૂષણને ગંભીર સમસ્યા ગણાવીને તેનો ઉકેલ લાવવા માટે કેટલાક સૂચન પણ કર્યા છે.

# માતા વૈષ્ણોદેવીના દર્શન રોજ ૫૦ હજાર શ્રદ્ધાળુ કરી શકશે

**નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે શ્રાઇન બોર્ડને સ્પષ્ટ સૂચનાઓ આપી : વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડને વધારે સંખ્યામાં શ્રદ્ધાળુઓની નોંધણીની તક મળશે તો આ વધારાના શ્રદ્ધાળુને કટરા અને અર્ધકુંવારીમાં રોકાવવાની જરૂર પડશે**

નવી દિલ્હી,તા. ૧૩

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે (એનજીટી) માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડને આદેશ કરતા કહ્યું છે કે, વૈષ્ણોદેવીની યાત્રા દરમિયાન એક દિવસમાં માત્ર ૫૦૦૦૦ શ્રદ્ધાળુઓને દર્શન કરવા માટેની મંજુરી આપવામાં આવે.



એનજીટીએ આજે એક અરજી ઉપર સુનાવણી કરતી વેળા કહ્યું હતું કે, માતા વૈષ્ણોદેવીના મંદિરમાં હજુ સુધી એક દિવસમાં વધુ શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા હતા પરંતુ હવે એક દિવસમાં ૫૦૦૦૦ શ્રદ્ધાળુઓને જ દર્શન કરવા માટેની મંજુરી આપવામાં આવશે. જુદી જુદી બાબતોને ધ્યાનમાં લઈને આ આદેશ કરવામાં આવ્યો છે. એનજીટીએ યાત્રા માર્ગ ઉપર કોઈપણ પ્રકારના નિર્માણ ઉપર પણ પ્રતિબંધ મુકી દીધો છે. અત્રે નોંધનીય છે કે, દેશ અને દુનિયામાંથી માતા વૈષ્ણોદેવીના દર્શન કરવા માટે મંદિરમાં દરરોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ
ફ્રી કેમ્પ
દર ગુરૂવારે
જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર
હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧
સૌજન્ય :
SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

